## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

મને લાગે છે આ વિકાસની ચરમસીમા છે... યુરોપ જેવું અહીં બધુ જ થઈ ગયું... આ બાકી હતું...

# ઉનાળાના પગલે ન્યુ ગાંધીનગરમાં વીજ લાઈનના ધાંધિયા શરુ

## લાઈટ ડુલ થતા કલાકો સુધી નાગરીકોને રાહ જોવી પડે છે

ગાંધીનગર, તા.૯

ઉનાળાનો ધીમી ગતિએ પ્રારંભ થઈ ગયો છે. શહેરમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. ગરમી થી બચવા માટે નગરજનો ઘરમાં પુરાઈ રહે છે. બપોર થી સાંજ સુધી ગરમીથી બચવા એસી, પંખા, કુલર સહિતના વિજ ઉપકરણો ચાલુ કરીને નાગરીકો ગરમીથી રાહત મેળવે છે. ત્યારે ન્યું શહેરી વિસ્તારમાં જીઈબી હોવાથી વારંવાર લાઈટ ડુલ થવાના કિસ્સા બનવા પામે છે. નાગરીકો ભર બપોરે લાઈટ જતા ઉંઘમાંથી જાગી જાય છે. ત્યારે કલાકો સુધી લાઈટ ના આવતા નાગરીકો પણ ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે.

ગાંધીનગર શહેરનો વિકાસ થતા નગર જેવડું બીજું નગર નિર્માણ પામ્યું છે. અમદાવાદ-ગાંધીનગરના માર્ગ પર આવેલ ધોળાકુવા, રાંદેસણ, કુડાસણ, કોબા, સહિત સરગાસણ, વાવોલના વિસ્તારમાં હજજારો ફ્લેટ, બંગ્લોઝ, સોસાયટીના મકાનો બની ગયા છે. જેમાં લાખો નગરજનો વસવાટ કરે છે. આ તમામ વિસ્તારમાં જીઈબી દ્વારા વિજળી પુરી પાડવામાં આવે છે. ત્યારે ઉનાળામાં સામાન્ય રીતે વિજ વપરાશમાં વધારો જોવા મળે છે.ત્યારે એસી.કુલર,પંખા સહિતના ઉપકરણો સતત ધમધમતા હોવાથી વિજલાઈન પર બોજો પડતો હોવાથી લાઈટ ટ્રીપ થવાના કિસ્સા બનવા પામે છે. જયારે નાગરીકો દ્વારા પણ વિજલોડ વધારવામાં આવતો ન હોવાથી આ પરિસ્થિતિ ઉભી થવા પામે છે. જયારે વિજ પુરવઠો ખોરવાતા નાગરીકો ગરમીથી રેબઝેબ થઈ જતા ઉંઘમાંથી ઉઠી જાય છે. ન્યું શહેરી વિસ્તારના નાગરીકોને ઉનાળાના પ્રારંભે જ સ્થિતિ તો છે તો આગામી સમયમાં શુ સ્થિતિ હશે તે પ્રશ્ન પણ સતાવી રહ્યો છે. લાઈટ જતા કલાકો સુધી આવતી ન હોવાથી નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠે છે. જયારે ગરમીને પગલે નાના બાળકો, વૃધ્ધો અને દર્દીઓ ની હાલત કફોડી બની જાય છે. ત્યારે તંત્ર દ્વારા લાઈટ પુરવઠો ખોરવાઈ જાય નહી અને વિજપુરવઠો યથાવત રહે તેવી રહીશોની લાગણી અને માંગણી છે.

# વૈષ્ણોદેવી સર્કલ પાસે બળદો ભરેલી આઈસર ટ્રક ઝડપાઈ

ગાંધીનગર, તા. ૯

અમદાવાદ જિલ્લા પ્રાણી કૂરતા નિવારણ સોસાયટીના ૩ સભ્યોએ વૈષ્ણોદેવી સર્કલ પાસે શંકાસ્પદ પશુઓ ભરેલી આઈસર ટ્રક અટકાવી અડાલજ પોલીસને હવાલે કરાવી હતી.

અડાલજ પોલીસે આ મામલે ત્રણ આરોપીની ધરપકડ કરી ૩૮ બળદોને મુક્ત કરાવી તમામ આરોપી વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ અમદાવાદ જિલ્લા પ્રાણી કૂરતા નિવારણ સોસાયટીના સભ્યો અશોક જગદીશભાઈ મકવાણા અને અન્ય ૩ વ્યક્તિઓ વૈષ્ણોદેવી સર્કલ પાસે રીંગ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન આગળ જતી આઈસર ટ્રક પર શંકા જતા શંકાસ્પદ ટ્રકને અટકાવી હતી. જેમાં તપાસ કરતા કૂરતાપૂર્વક બળદો ભર્યા હતા. જે બાબતે તુરંત અડાલજ પોલીસને જાણ કરતા અડાલજ પોલીસે બનાવ સ્થળે દોડી આવી ૩૮ બળદો ભરેલી ટ્રક અને આરોપી અયુબ મહેમુદ સિંધી, કાદુખાન આલમખાન સિંધી અને સલમાનખાન સિકન્દરખાન પઠાણને અડાલજ પોલીસમથક લઈ આવી ત્રણેય આરોપી વિરૂદ્ધ પ્રાણી અત્યાચાર નિવારણ કાયદા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

### આઈએનઆઈએફડી ગાંધીનગર ખાતે મનીષ મલ્હોત્રાના કોર્સનો પ્રારંભ

ગાંધીનગર ઈન્ફોસીટી ખાતે આવેલ આઈએનઆઈએફડી ફેશન ઈન્ટીરીયર ડીઝાઈન ઈન્સ્ટીટયુટ ખાતે મનીષ મલ્હોત્રા (ફેમસ બોલીવુડ ફેશન ડીઝાઈનર)ના કોર્ષનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કોર્ષના પ્રારંભની ઉજવણીનો ઉમંગ આઈએનઆઈએફડી ગાંધીનગર વિદ્યાર્થીઓમાં છલકાઈ રહ્યો છે. આ કોર્ષ માટે કોઈપણ ઈચ્છુક વ્યકિત રજીસ્ટ્રર થઈ શકે છે.

# અપોલો સર્કલ પાસે વિદશી દારૂનો જથ્થો ભરેલી કાર ઝડપાઈ

### અડાલજ પોલીસની સર્વેલન્સ ટીમે બાતમીના આધારે દારૂ ભરેલી કાર ઝડપી

### ૨.૯૩ લાખનો મુદ્દામાલ કબજે કરી બે આરોપીની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર ઈન્દીરાબ્રીજ માર્ગ પર અપોલો સર્કલ પાસે આજે અડાલજ પોલીસે બાતમીના આધારે વિદેશી દારૂનો જથ્થો ભરીને જતી કારને ઝડપી પાડી તેમાંથી બે બુટલેગરોની ધરપકડ કરી હતી. પોલીસે આ ગુનામાં કુલ ૯૧ હજારની કિંમતની ૩૦૫ વિદેશી દારૂની બોટલ સહિતનો રૂ. ૨.૯૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર અડાલજ પોલીસ મથકના પી.આઈ.ની સૂચનાથી સર્વેલન્સ સ્કવોર્ડના પીએસઆઈ એ.જી. એનુરકાર તથા અન્ય પોલીસ કર્મી રામેશ્વરભાઈ, અમરતભાઈ, મહેન્દ્રસિંહ, સુરેન્દ્રસિંહ તથા ધીરેન્દ્રસિંહ વગેરે અડાલજ પોલિસ મથકના વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. આ દરમિયાન સ્કોર્ડને ખાનગી બાતમી મળી હતી કે એપોલો સર્કલથી ઈન્દીરાબ્રીજ જતા માર્ગ પરથી દારૂ ભરેલી કાર પસાર થઈ રહી છે. જે બાતમીની હકીકતના આધારે પોલીસે ટાટા માન્ઝા કાર નં. જીજે ૧૮-એઝેડ-૦૩૨૧ને અટકાવી તેની તપાસ કરતા તેમાંથી જુદી જુદી વિદેશી દારૂની બોટલ નંગ ૩૦૫ કબજે કરી હતી. પોલીસે દારૂ, કાર અને મોબાઈલ મળી કુલ રૂ. ૨.૯૩ લાખના મુદ્દામાલ સાથે આરોપી બુટલેગર વસંત રમણ પાંડોર (ભિલોડા અરવલ્લી) તથા વિજય ફતેસિંહ પવાર (રહે. ગીરવા ઉદેપુર)ની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી આ અંગે વધુ તપાસ અડાલજ પોલિસ ચલાવી રહી છે.

# ગુનેગારોને જબ્બે કરવા માટે ટેકનોલોજીની સહાય લેવાઈ

### તાજેતરના સમયમાં ચર્ચા જગાવનાર તમામ કેસોમાં મોટી સફળતા મળી ચુકી : પ્રદિપસિંહ જાડેજા દ્વારા દાવો કરાયો

ગાંધીનગર,તા.૯

રાજ્ય સરકારે ગુનેગારોને ઝબ્બે કરવા માટે ટેકનોલોજીના સહારે એક સુગ્રથિત કાર્યપ્રણાલી ઉભી કરી છે. તેના કારણે ગુજરાત પોલીસ ગમે તેવા સ્માર્ટ-સજ્જ અને રીઢા ગુનેગારો સુધી પહોંચવામાં સફળ બની છે. ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ આ સંદર્ભે જણાવ્યું હતું કે, કુનેહ અને કાર્યદક્ષતા, રાજકીય ઈચ્છા શક્તિ અને ટેકનોલોજીના સહારે ગુનેગારો સુધી પહોંચીને ગુજરાતની જાંબાજ પોલીસે દિવસ-રાત એક કરીને સફળતા મેળવી છે. મંત્રીએ ગુજરાતના કાયદો વ્યવસ્થાની જાળવણી અને સલામત-સુરક્ષિત ગુજરાતના નિર્માણ માટે રાજ્ય સરકારે દ્રઢ નિશ્ચય કર્યો હોવાનું જણાવી વિગતો આપી હતી કે, ગુજરાત પોલીસે પોતાના કૌશલ્યો અને ટેકનોલોજી દ્વારા મોટા ગુનાઓના ભેદ ઉકેલ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, સુરતના ગ્લોસ્ટાર ડાયમંડ ફેકટરીના ૧૨ કરોડના હીરાની લૂંટનો બનાવ હોય કે અમદાવાદના રાજપથ ક્લબ નજીક એટીએમના કેશવાનમાંથી ૯૮ લાખની કેશની ચોરીનો બનાવ કડીની ૩૬ લાખની રોકડની લૂંટ કે અમદાવાદના વિદ્યાપીઠ નજીક આંગડીયા કર્મચારીને બંદૂકને ભડાકે દઈને ૩૪ લાખના હીરાની લૂંટ કરનારા ગુનેગારોને ઝબ્બે કરીને જરૂર પડ્યે ઉત્તરપ્રદેશ સુધી તપાસની જાળ ફેલાવીને આવા ગુનેગારોને ઝબ્બે કર્યા છે. મંત્રીએ માહિતી આપી હતી કે સુરતમાં તા. ૧૪મી ફેબ્રુઆરીના રોજ સાંજે સાતેક વાગ્યાના સુમારે ગ્લોસ્ટાર ડાયમંડ ફેકટરીના મેનેજર વિજય મૈયાણી તથા પ્રકાશ મૈયાણી આશરે ૧૨ કરોડની કિંમતના હીરા લઈ કતાર ગામ સેફ ડીપોઝીટ વોલ્ટમાં મુકવા જતા હતા ત્યારે ટ્રાફિક જામ હોવાના કારણે તેમની કાર પાર્ક કરી ચાલેની જતા હતા ત્યારે શોક બટન જેવા સાધનથી ઈજા કરીને હીરા ભરેલા થેલા લઈ આરોપી નાસી ગયા હતા અને કાર ઉપર ફાયરીંગ પણ કર્યું હતું. પોલીસ ફરીયાદ મળતા જ રેડ એલર્ટ જાહેર કરી, સઘન કોમ્બીંગ હાથ ધર્યું હતું. સીસીટીવી ફુટેજ, કોલ ડીટેઈલ મેળવી શંકાસ્પદ વ્યક્તિઓની હિલચાલ બ્રેક ટ્રેક કરી અરવિંદ પાંડે અને માનવેન્દ્રસિંહ ઉર્ફે મનીષની ધરપકડ કરી સઘન પુછપરછ હાથ ધરી હતી. પુછપરછ દરમિયાન અન્ય ૧૧ આરોપી પણ સામેલ હોવાનું જણાવતા સુરત પોલીસની બે ટીમોને ઉત્તરપ્રદેશ મોકલવામાં આળી હતી અને વધારાના છ આરોપીની ધરપકડ કરી હતી.

આ ઉપરાંત અમદાવાદના રાજપથ કલબ નજીક એચડીએફસી બેંકના એટીએમ પાસે કેશવાનમાંથી ૯૮ લાખ ૧૦ હજાર ભરેલી ટ્રક ચોરી કરવાના બનાવે ચકચાર જગાવી હતી. જેમાં ગુનેગારે ચામાં કંઈક ફેકી પીણું પીવડાવી બંને કેસ્ટોડીયન અને ગનમેનને બેભાન કર્યો હતો. સમગ્ર બનાવની સઘન તપાસ કરી વાનના ડ્રાયવરના બાયોડેટા, કોલ ડીટેઈલ, સીસીટીવી ફુટેજ મેળવીને ટેકનીકલ ઈન્ટેલીજન્ટ દ્વારા પોલીસે આ ચોરી વાનના ડ્રાઈવરે જ કરી હોવાનું સાબિત કરી સુધીર બધેલ ઉપરાંત તેને મદદ કરનાર મુકેશકુમાર ઉર્ફે ફૌજી યાદવને ઉત્તરપ્રદેશથી અને પિયુષ પરમારને ચાંદખેડાથી પકડી પાડ્યા હતા.

## રક્તદાન શિબિર

ગાંધીનગર, તા. ૯

'રક્તદાન મહાદાન' ઊક્તિને સાર્થક કરતા એક સેવાકીય કાર્યક્રમનું આયોજન વલ્લભ એરકોન મેડ (મેકીંગ અ ડીફરન્સ) અને ઈન્ડિયન રેડક્રોસના સહયોગથી કરવામાં આવનાર છે.

તારીખ ૧૪ એપ્રિલને શનિવારે સવારે ૮ થી બપોરે ૧ વાગ્યા દરમ્યાન સ્વાગત રેઈનફોરેસ્ટ-૨, જી, એફ, બ્લોક એ સ્વામીનારાયણ ધામ સામે કુડાસણ ગાંધીનગર ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સેવાકીય યજ્ઞમાં રક્તદાતાઓએ વલ્લભ એરકોનના જીજ્ઞેશ પટેલ ૯૮૨૫૬૧૧૪૭૪ અને ટીમ મેડના હીના ભાનાણી ૯૮૨૪૬૫૦૭૮૦નો સંપર્ક કરવા આયોજક તરફથી અપીલ કરવામાં આવી છે.

# સુંધા માતાના પગપાળા યાત્રા સંઘનું ભવ્ય રીતે પ્રસ્થાન થયું

અમદાવાદ,તા.૯

રાજસ્થાનના સુપ્રસિધ્ધ સુંધા માતાજીના દર્શનાર્થે આજે અમદાવાદ શહેરમાંથી પગપાળા યાત્રા સંઘનું સતત દસમા વર્ષે ભારે ભકિતાવ અને ધાર્મિક આસ્થાભર્યા માહોલમાં પ્રસ્થાન કરાવાયું હતું. નરોડાના ભાજપના ધારાસભ્ય બલરામ થાવાણીના કુબેરનગર સ્થિત નિવાસસ્થાનેથી પગપાળા યાત્રા સંઘનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. આ પગપાળા યાત્રા સંઘનું પ્રસ્થાન મહારાજ ગુણવાનંદ નોટીઆલ ટેહરી ગઢવાલના વરદહસ્તે કરાવવામાં આવ્યુ હતું. અમદાવાદથી નીકળેલો આ પગપાળા યાત્રા સંઘ ૩૦૦ કિલોમીટરનું અંતર કાપીને તા.૧૮મી એપ્રિલે અખાત્રીજના દિવસે રાજસ્થાન સુંધા માતા પહોંચશે. જયાં સંઘના શ્રધ્ધાળુઓ દ્વારા સુંધા માતાને ધજા ચઢાવી મહાઆરતી કરાશે. નોંધનીય વાત તો એ છે કે, નરોડાના ભાજપના ધારાસભ્ય બલરામ થાવાણી તેમના પરિવાર સાથે આ સંઘમાં ચાલતા જોડાયા હતા. છેલ્લા દસ વર્ષથી તેઓ સુંધા માતાના દર્શનાર્થે આ પગપાળા યાત્રા સંઘમાં જાય છે. સુંધા માતાજીના આજના પગપાળા યાત્રા સંઘના પ્રસ્થાન પ્રસંગે રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કુબેરનગરના મ્યુનિસિપલ કાઉન્સીલર કિશોર થાવાણી, સમાજના અગ્રણીઓ જેઠમલ જેતાજી નાગર સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સુંધા માતાજીના પગપાળા યાત્રા સંઘના પ્રસ્થાન પ્રસંગે નરોડાના ભાજપના ધારાસભ્ય બલરામ થાવાણીએ જણાવ્યું હતું કે, સુંધા માતાજીના આશીર્વાદથી હું નરોડાના મારા મતવિસ્તાર અને ભાજપના વિકાસ માટે મારૂં સર્વશ્રેષ્ઠ યોગદાન આપું એ જ મારી ઈચ્છા છે.

### ગાંધીનગર જિલ્લા અને શહેર-જિલ્લા કોંગ્રેસ દ્વારા પ્રતિક ધરણા

શાંતિ અને એખલાસ આ દેશના હૃદયમાં વણાઈ ગયા છે. અને તેને જાળવવાનું કામ હંમેશા કોંગ્રેસ પક્ષે કરેલું છે. ૨ જી એપ્રિલ ૨૦૧૮ને સોમવારના રોજ ભારત બંધ દરમિયાન જે કઈ બન્યું તે કમનસીબ છે અને આપણા દેશના સામાજીક ઢાંચા માટે અત્યંત ખતરનાક બાબત છે. હિંસા રોકવા કે ભાઈચારાને જાળવી રાખવા ભાજપ શાસિત કેન્દ્ર તેમજ રાજ્ય સરકારોએ કોઈ પગલા લીધા નહિ તે સ્પષ્ટ છે. સમગ્ર દેશમાં શાંતિ અને કોમી એખલાસની જાળવણી અને પ્રસાર માટે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ આદરણીય રાહુલ ગાંધીએ તમામ રાજ્યોમાં ઉપવાસ-ધરણા યોજવા આહવાન કર્યું હતું તેથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અમિતભાઈ ચાવડાના આદેશાનુસાર સમગ્ર રાજ્યના તમામ શહેર/જિલ્લાના વડામથકોએ આજ રોજ ધરણા-ઉપવાસ કાર્યક્રમો યોજાયા હતા. જેના ભાગરૂપે આજ રોજ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ અને ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના સંયુક્ત ઉપક્રમે સત્યાગ્રહ છાવણી, સેકટર-૬ ખાતે સવારે ૧૦ કલાક થી ૧૨ કલાક સુધી "જાતિવાદ ને છોડો, માનવતા ને જોડો"ના નારા સાથે પ્રતિક ઉપવાસ/ધરણા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભી, શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, ધારાસભ્યો સર્વ સુરેશભાઈ પટેલ, ડૉ. સી.જે. ચાવડા, પ્રદેશ પદાધિકારી સર્વ નિશિત વ્યાસ, ડૉ. હિમાંશુ પટેલ, રામાજી ઠાકોર, ભરતભાઈ પટેલ, શૈલેન્દ્રસિંહ બિહોલા, બાબુસિંહ ઝાલા, બાબુજી ઠાકોર, બૂપેન્દ્રસિંહ રાઠોડ, અશોકભાઈ શ્રીમાળી, અશ્વિન સુહાન, વિજયભાઈ દવે, અનીલભાઈ પરમાર સહીત મોટી સંખ્યામાં કાર્યકરો-આગેવાનો હાજર રહ્યા હતા. તેવું અખબારી યાદીમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને શહેર પ્રમુખ ડૉ. કૌશિકભાઈ શાહે જણાવ્યું છે.

# ૯૦ લાખ લઇને ફરાર થયેલા પ્રકાશ મોદી અંતે ઝડપાઈ ગયા

અમદાવાદ,તા. ૯

શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં આવેલ વિમલ ગોલ્ડના માલિક દ્વારા સરળ હમે સોનાના દાગીના આપવાની પોન્ઝી સ્કીમના બહાને નિર્દોષ ગ્રાહકોના રૂ.૯૦ લાખથી વધુનું ફુલેકું ફેરવી રફુચક્કર થઈ જનાર શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં આવેલ વિમલ ગોલ્ડ શોરૂમના માલિક પ્રકાશ મોદીને આજે પોલીસે આખરે રાજસ્થાનથી ઝડપી લીધો હતો. નિર્દોષ લોકોના લાખો રૂપિયા ચ્યાંઉ કરી જનાર પ્રકાશ મોદી પકડાતાં નરોડા-કૃષ્ણનગરના સ્થાનિક રહીશોમાં આરોપી પરત્વે ઉગ્ર આકોશની લાગણી ફેલાયેલી જોવા મળી હતી, લોકો આરોપી પાસેથી પોતાના પૈસા પાછા મળવાની રાહ જોઈને બેઠા છે. શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં વિમલ ગોલ્ડના માલિક પ્રકાશ મોદીએ છેલ્લા એક વર્ષ ઉપરાંતના સમયથી સ્થાનિક અને આસપાસના વિસ્તારના લોકોને ખાસ કરીને મહિલાઓ-યુવતીઓને સરળ અને સસ્તાભાવે સોનુ અને સોનાના દાગીના ઉપલબ્ધ બનાવવાની જુદી જુદી પોન્ઝી સ્કીમ અમલમાં મૂકી હતી. ગ્રાહકોને આકર્ષવા મહિને રૂ.૫૦૦, રૂ.૧૦૦૦ અને રૂ.૫૦૦૦ ભરવાની અને તેમને સરળ હમે સોનાના દાગીના-આભૂષણો આપવાની લોભામણી સ્કીમ પ્રકાશ મોદીએ ચલાવી હતી, જેમાં સેંકડો લોકો ભોળવાયા હતા અને સોનાના દાગીના મેળવવાની લ્હાય અને લાલચમાં તેની સ્કીમમાં હોંશે હોંશે પૈસા ભરતા ગયા હતા. વિમલ ગોલ્ડની સ્કીમની ચર્ચા એટલી ચાલી હતી કે, સ્થાનિક અને આસપાસના વિસ્તારના લોકો પણ તેની સ્કીમમાં પૈસા ભરતા થઈ ગયા હતા. આ બંને સ્કીમમાં ૩૦૦-૩૦૦થી વધુ ગ્રાહકોએ પૈસા રોકયા હતા. આ સિવાય પણ અન્ય લોભામણી સ્કીમો પણ પ્રકાશ મોદીએ લાગુ કરી હતી, જેમાં સેંકડો રોકાણકારોએ પોતાની મહેનત-પરસેવાની કમાણી વિમલ ગોલ્ડની જુદી જુદી લોભામણી સ્કીમોમાં મૂકી હતી. ગત તા.૧૧-૨-૨૦૧૮ના રોજ વિમલ ગોલ્ડનો માલિક પ્રકાશ મોદી કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવી રફુચક્કર થઈ ગયો હોવાના સમાચારને પગલે સ્થાનિક મહિલાઓ, વૃધ્ધો, યુવાનો સહિતના સેંકડો રોકાણકારો વિમલ ગોલ્ડની ઓફિસ પર ઉમટયા હતા, તેઓના હાથમાં પ્રકાશ મોદીની પોન્ઝી સ્કીમના બ્રોશર્સ અને કાર્ડ હતા તે હાથમાં ઉંચા બતાવી રાતાપાણીએ રડતા નજરે પડતા હતા.

# સોનીપુર ખાતે વિશ્વ આરોગ્ય દિન અંતર્ગત શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૯

તાલુકા આરોગ્ય કચેરી ગાંધીનગર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રૂપાલના સંયુક્ત ઉપક્રમે સોનીપુર ખાતે વિશ્વ આરોગ્ય દિનની ઉજવણીના ભાગરૂપે ગુરૂશિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં ગાંધીનગર તાલુકાના આઈ.ઈ.સી. અધિકારી રાજેન્દ્ર પટેલ, રૂપાલ પી.એચ.સી.ના મ.પ.સુ. જશુભાઈ પ્રજાપતિ, આયુષ મેડીકલ ઓફિસર પ્રિયંકા પરીખ તેમજ યોગેન્દ્ર શાહ સ્થાનિક સ્ત્રી-પુરૂષ આરોગ્ય કાર્યકરો હાજર રહ્યા હતા.

આ વર્ષે ૭મી એપ્રિલ, ૨૦૧૮ના વિશ્વ આરોગ્ય દિનનું સુત્ર 'યુનિવર્સલ હેલ્થ કવરેજ' એવરીવન એવરી વ્હેર આનો ઉદ્દેશ્ય વિશ્વના દરેક વ્યક્તિને આર્થિક મુશ્કેલી સિવાય કોઈપણ સ્થળે અને સમયે ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ મળી રહે. સાર્વત્રિક આરોગ્ય દરેક વ્યક્તિ અને દરેક દેશના આરોગ્ય અને સુખાકારીની ચાવી છે. એ વિશે રાજેન્દ્ર પટેલે માહિતી આપી હતી.

મ.પ.સુ. જશુભાઈ પ્રજાપતિએ ગર્ભથી વૃદ્ધાવસ્થા સુધીની સેવાઓ વિશે વિસ્તૃત માહિતી આપીને સરકારી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

# ખોખરાના રેલ્વે ઓવરબ્રીજને તોડીને સિક્સ લેન બ્રીજ કરાશે

અમદાવાદ,તા. ૯

શહેરના ૫૦ વર્ષ જૂના ખોખરા રેલવે ઓવરબ્રિજ કે જેનો એક ભાગ ઓક્ટોબર ૨૦૧૫માં અકસ્માતે તૂટી પડ્યો હતો જેના કારણે એક વ્યક્તિને ઈજા થઈ હતી. જો કે, સ્થાનિક રહીશો સહિત અમદાવાદના નગરજનો માટે રાહતની વાત એ છે કે, હવે વર્ષો જૂના આ બ્રિજને સંપૂર્ણ તોડીને નવો સિક્સ લેન બ્રીજ બનાવાશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પ્રવિણ પટેલે આ વાતની પુષ્ટિ કરતાં જણાવ્યું હતું કે, 'કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલ બ્રિજ વિસ્તરણના પ્લાન અને ડીઝાઈનને રેલવે વિભાગે મંજૂરી આપી દીધી છે, તેથી હવે આ બ્રીજને તોડીને નવો સિક્સ લેન બ્રીજ બનાવવાનો માર્ગ મોકળો થયો છે.' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'આ બ્રિજ પર ટ્રાફિક વધુ હોવાના કારણે જૂનો બ્રિજ ખૂબ જ નાનો પડતો હતો જેના કારણે નવો બ્રિજ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.' અમ્યુકોના અધિકારીઓના મતે 'ટૂંક સમયમાં જ આ બ્રીજ પરથી વાહનોની અવરજવર બંધ કરવા માટે નોટિફિકેશન ઈશ્યુ કરવામાં આવશે. ટુ લેન ઓવરબ્રિજના વિસ્તરણથી રેલવે વિભાગને પણ ફાયદો થશે કેમ કે તેઓ પોતાના ટુ લાઈન ટ્રેકને વિસ્તાર કરીને ત્રીજી લાઈન નાખવાનું વિચારી રહ્યા છે.' રેલવે અધિકારીઓએ પણ સ્વીકાર્યું કે, 'ખોખરા રેલ્વે ઓવર બ્રિજ નીચેનો વિસ્તાર ખૂબ જ નાનો અને સાંકડો હતો. જેના કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી પુલ વિસ્તરણની પ્રપોઝલ મુકી કે તરત જ રેલવે વિભાગ આ બાબતે સહમત થઈ ગયો.' ઓવરબ્રિજમાં બાંધકામમાં ટ્રેક ઉપર આવતો પુલનો ભાગ ભારતીય રેલવે બનાવશે જ્યારે બાકીનો ભાગ અમ્યુકો સત્તાવાળાઓ દ્વારા બનાવાશે. આ સિવાય કાલુપુરથી વટવા વચ્ચે એક ત્રીજી લાઈન નાખવી જરુરી છે.

**ગાંધીનગર મહાનગરપાલિકા**
**ભરતી અંગેની સુધારા જાહેરાત**

ગાંધીનગર મહાનગરપાલિકાની મંજુર થયેલ જગ્યાઓ ભરવા માટે વેબસાઈટ http://ojas.gujarat.gov.in પર જાહેરાત પ્રસિદ્ધ કરી તા. ૨૭/૩/૨૦૧૮ (૧૪-૦૦ કલાક) થી તા. ૧૦/૪/૨૦૧૮ (૨૩-૫૯ કલાક) દરમિયાન ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવેલ. ઉક્ત જાહેરાત ક્રમાંક : ૧માં નીચે જણાવેલ કોલમ મુજબ લાયકાતમાં સુધારો કરવામાં આવે છે અને ઉમેદવારો તા. ૨૦/૪/૨૦૧૮ (૨૩-૫૯ કલાક) દરમિયાનહેન્ડી અરજીઓ કરી શકે છે. પોસ્ટ ઓફીસમાં જરૂરી ફી ભરવાની છેલ્લી તા. ૨૧/૪/૨૦૧૮ (કચેરી સમય સુધી)ની રહેશે. આ જગ્યા ઉપર અગાઉ જે ઉમેદવારોએ અરજી કરે છે તે અરજીઓ માન્ય રહેશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | સુધારા શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ૧ | આરોગ્ય અધિકારી | ૦૫ | એમ.બી.બી.એસ. સ્નાતકની પદવી જાહેર આરોગ્યમાં અનુસ્નાતકની પદવી અથવા ડીપ્લોમા ધરાવતા હોવા જોઈએ |

તારીખ : ૯/૪/૨૦૧૮
સ્થળ : ગાંધીનગર
માહિતી/૭૩/૨૦૧૮-૧૯

સહી/-
મ્યુનિસિપલ કમિશન
ગાંધીનગર મહાનગરપાલિકા